






પંપાળે પ્રેમે ઉદ્યોગપતિઓનું પોષણ કરે!
બૂટલેગરો, કરચોરો, અડ્ડાનું તોષણ કરે!
ઘોષણાઓ કરે સાવ ખોખલી, પહેરાવે ટોપી -
દરેક ક્ષેત્રમાં 'સહાયકો'નીમી, શોષણ કરે!
(સુપ્રીમ-ફટકાર)




બદલાય છે
માત્ર પક્ષ ખોડિયાં -
આત્મા સડેલા!
(ગાં.મનપા માળખું)

લૂંટી લે મૂડી
ગરીબ વિધવાની -
રીક્ષાની ગેંગ!
(નિર્દય-લૂંટારા)

## ચિંતન

વિવૃણ્વતી પુરસ્તૈક્ષણ્યં પૃષ્ઠતઃ કુર્વતી ગુણમ્ ।
કર્ણાન્વિધ્યતિ લોકસ્ય સૂચી વન્સૂચકસ્ય વાક્ ॥

'સોય જેમ પોતાનો તિક્ષ્ણ (અગ્ર ભાગ) ને પ્રથમ પ્રગટ કરે છે અને સદ્ગુણ (જે જોડવાનું કામ કરે છે) તે દોરાને પાછળ રાખે છે એવી જ રીતે શઠ-દુર્જનની વાણી પણ સોય જેવી હોય છે તે પોતાની આગળ તીક્ષણતા તીખી-કટુ વાણીને પ્રગટ કરે છે અને બીજાના સદ્ગુણનો નજરઅંદાજ કરે છે એટલે કે તેની નોંધ લીધા વિના કટુતા ફેલાવે છે. સોયની જેમ કટુ શબ્દો દ્વારા લોકોનાં કાન (હૃદયને) વીંધે છે - આમ સોય અને દુર્જન એક જ સ્વભાવના છે.'

દુર્જન-દુષ્ટ સ્વભાવના લોકોની એક ખાસિયત હોય છે તેમની દૃષ્ટિ-વિચારશ્રેણી આચરણ સદાય નકારાત્મક જ હોય છે કોઇ પણ ઘટના બાબતમાં તેમણે સારાપણું દેખાવા કરતાં ખરાબપણું સ્પષ્ટ અને જલ્દી નજરે ચઢે છે. સંત જેવા લોકોના આચરણમાં પણ વહેમ-શંકા કરી પોતાની બુદ્ધિના મીઠાં-મરચાં ભભરાવી એમના વિશે બોલે છે. એમને કોઇનાં પણ સદ્ગુણ, સારી બાબત તો નજરે ચઢતી જ નથી.'

આ શ્લોક આ સત્યને સોયનાં દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. દુષ્ટની અણીદાર જીભ લોકોના હૈયાં વીંધી નાખે છે પણ સદ્ગુણોને જોતી નથી.

## સુવિચાર

- માનવીના જ્ઞાન ને માપવા માટે તેની નમ્રતા અને બધાને બીન શરતી પ્રેમ કરવાની તેની તાકાતને તપાસવી પડે **- ઓશો**
- અભિમાનથી માનવી ફુલાઇ શકે છે ફેલાઇ શકતો નથી **- ફાધર વાલેસ**
- ઊર્મિઓનો અવાજ નથી હોતો, તેમ છતાં એનો અહેસાસ શાંતિમાં જ સૌથી વધુ તિવ્ર હોય છે **- પન્નાલાલ પટેલ**
- હાસ્ય માત્ર પોતાના જ નહી પણ સામેનાં વ્યક્તિના મનોભાવને સુધારી દે છે, જે કામ હસવાથી થઇ શકતું હોય તેના માટે ભસવું નહીં **- એસ. ભટ્ટાચાર્ય**
- એ વાત સાચી છે કે દવામાં કોઇ મજાક નથી પણ મજાકમાં કે હસવામાં ઘણી મોટી દવા છે **- શાસ્ત્રી સ્વામી**
- કોઇ સલાહ માંગે તો સલાહ ન આપો પણ એને સાથ આપો, કારણ કે સલાહ ખોટી પડશે.. સાથ નહીં **- મુનિચંદ્રવિજય**

## બોધ કથા

માત્ર થોડા આતંકી મુસલમાનોને કારણે આજે વિશ્વમાં સમગ્ર કોમને સહન કરવું પડે છે, થોડાક લાંચીયા પ્રધાન અધિકારી-કર્મચારીને કારણે તંત્ર આખું વગોવાય છે, એક સ્ત્રીના કારણે સ્ત્રી જાત પ્રત્યે નફરત થઇ જતી હોય છે, ખરેખર તો આપણે ધીરજ અને તાટસ્થ્યપૂર્ણ બધી ઘટનાનો વિચાર કરી અંતિમ નિર્ણય લેવો જોઇએ..!

એક ભાઇ સંત પાસે પોતાની વ્યથા ઠલવવા ગયા, તેના નિકટના મિત્રએ તેને મિત્રો-મૈત્રી-જેવા શબ્દો અને સંબંદોથી નફરત થઇ ગઇ હતી. હવે મારે કોઇ દોસ્ત નહીં, હું કોઇનો દોસ્ત નહીં!

સંતે વાટનો પાટો બદલતાં કહ્યું પણ તમે તો મને દસ વાગે મળવા આવવાના હતા ને! પેલો કહે હું ઘેરથી એવી જ રીતે નિકળ્યો હતો પણ રસ્તામાં કારનું ટાયર પંકચર થઇ ગયું. એક કલાક મોડો પડ્યો!

સંતે કહ્યું પછી કર્યું શું? પેલો કહે ટાયર બદલાવી નાખ્યું! સંત કહે તમે ગાડી છોડી ન દીધી. ટાયરને લાત મારી ફેંકી ન દીધાં. ફરી જેમ બીજા ટાયર પર ભરોસો કર્યો - તેમ માનવ સહજ સ્વભાવમાં કયારેક કોઇ ઘડી નબળી ક્ષણમાં કોઇ ભૂલચૂક થઇ જતી હતી હોય છે. તેને કારણે આખી જાત તરફ કંઇ નફરત ન કરાય, વિશ્વાસ-ભરોસો એ જ સંસારમાં ટકી જવાનું સાધન છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# આપણા સારા વિચાર અને વર્તન કોઇને આતંકવાદી બનતાં રોકી શકશે તો તે મોટી સિદ્ધિ હશે અને એ રીતે આપણી જવાબદારી ફ્રન્ટ પર લડતાં સૈનિકથી જરાય ઓછી નથી, આપણે સૌ સામાજિક કમાન્ડો છીએ, યાદ રહેશે ને?

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

સંજયદત્ત છેવટે જેલ થઇ. કેટલાંય ઇમોશનલ દૃશ્યો મીડિયામાં ભજવાયાં - ચર્ચાઓ થઇ અને શમી પણ જવા આવી કારણ કે હવે ગરમાગરમ ખબરમાં આઇ.પી.એલ.ની મેચ ફિક્સીંગ આવી ગઇ છે. આ દેશને કદાચ એવો દૈવી શ્રાપ છે કે કુદરત તો અન્ય દેશો કરતાંય વધુ મહેરબાન રહેશે પરંતુ માનવસર્જિત હાડમારી અને આતંકવાદ આ દેશને કપડાંમાં પેઠેલા માંકડની જેમ કે ગાયના થાને વળગેલી બગાઇની જેમ કરડ્યા જ કરશે.

સામાન્ય રીતે વિરોધ જયારે વિવેક ચૂકે ત્યારે આતંકવાદનું સર્જન થાય છે. પરંતુ હું તો મેચ ફિક્સીંગ જેવા ભ્રષ્ટાચાર ને પણ આતંકવાદ માનું છું. દેશનાં અર્થતંત્ર ને હલબલાવી નાંખતા આર્થિક આતંક આચરી દેશની પ્રજાને વૈભવ અને ઝાક-ખમાય ના કેફી ઘેનમાં નાંખી મોંઘવારીના ખપ્પરમાં હોમી દેવી એ પણ એ પણ એક પ્રકારનો પ્રોક્સી આતંકવાદ જ છે. આતંકવાદ એ કંઇ નવો વાદ નથી. એ પહેલેથી જ હતો અને છેવટ સુધી રહેવાનો. આતંકવાદ એ ફિનિક્સ જેવો છે. એ રાખમાંથી બેઠો થાય છે અને ઘણું બધું બાળીને રાખ કરી દે છે. આતંકવાદ માત્ર વૈશ્વિક જ નહિ પ્રાદેશિક સમસ્યા પણ છે. એટલું જ નહિ આતંકવાદ વ્યક્તિગત પણ છે. દરેક વ્યક્તિમાં એક નાનકડો આતંકવાદી જીવતો જ હોય છે. લબર મુછીયા ટીન એજર્સ કોઇ કારણ વગર ગાડીઓનાં કાચ ફોડી નાંખતા હોય છે ત્યારે તે તેમની આંદર રહેલી જીદનું આતંકી સ્વરૂપ હોય છે. નાના બાળકને કોઇ રમકડું જોઇતું હોય ત્યારે એ રડે છે. જયાં સુધી રમકડું ન મળે ત્યાં સુધી તેની રડારડ ચાલુ રહે છે. રડવું એ બાળકોનો આતંકવાદ છે. મા-બાપ બાળકના એ આતંકવાદને સંતોષી દે છે એટલે બાળકનો આતંકવાદ શમી જાય છે. બાળક હસ્તુ રડીને પડાવે છે, અને મોટા થયા પછી બીજાને રડાવીને વસ્તુ પડાવી લે છે. કયાંક બોસ અને કયાંક પત્ની પણ કે પતિ પણ આતંકવાદી વલણ અખત્યાર કરતાં જ હોય છે. આવા જીદ્દી માણસોનો આતંકવાદ એક બે કે પાંચ દસ લોકો પૂરતો સીમિત હોય છે, મોટા આતંકવાદીઓનો ભય આખી દુનિયામાં ફેલાય છે. સમયની સાથે આતંકવાદ બદલાતો નથી. હા, આતંકવાદના કારણો અને પરિણામો ચોક્કસ બદલાય છે. જિસસ ક્રાઇસ્ટને શૂળી પર ચડાવનારાં કે સોક્રેટીસને ઝેરનો પ્યાલો આપનારાં કે નિર્દોષ નાગરિકોને ગેસ ચેમ્બરમાં ગૂંગળાવીને મારી નાંખનારા સરમુખત્યારો કે, યુદ્ધની વિભિષકામાં બે જીવતા શહેરોને હોમી દેનારાં કસાબ કે અફઝલ ગુરૂના ય બાપ જેવાં હોય છે. મહાભારત અને રામાયણમાં નજર નાંખી જોજો, તેમાં રાક્ષસોની વાત આવે છે. આ રાક્ષસો પણ એક પ્રકારનાં આતંકી જ હતા. પહેલાંનાં વખતમાં રાજાઓ સામે બહારવટું ખેલનારાંની શૌર્યગાથાઓ આપણે હોંશે હોંશે વાંચીએ છીએ પણ જે-તે સમયે તે રાજાઓ અને રૈયત માટે તો એ બહારવટીયા આતંકવાદીઓ જ હતા.અત્યારે ઊગીને હવે ઊભાં થતાં કિશોરોથી માંડીને આથમતી વયમાં પહોંચેલા વડીલોનાં આપઘાતનાં કિસ્સા વધતાં જાય છે. આ આપઘાત એ કોઇની માનસિકતાનું પરિણામ છે. અને સુસાઇડ બોમ્બરો બનતાં આતંકવાદીઓની માનસિકતા તેમજ આ આપઘાત કરનારાઓની માનસિકતા વચ્ચે કોઇ ઝાઝો ફર્ક હોતો નથી. તેઓ દરેક પોતાનો ભાગ આપી બીજાને બતાવી દેવાના મૂડમાં પોતાની સાથેનાં લોકોને પણ મારતાં જાય છે.

માનવતાનો સિદ્ધાંત કહે છે કે જીવો અને જીવવા દો. આતંકવાદનો સિદ્ધાંત છે, મરો અને મારી નાંખો. મરવાનું નક્કી કર્યું હોય કે મારવાનું નક્કી કર્યું હોય આવાં લોકોથી બચવું મુશ્કેલ છે. પણ અશક્ય નથી. રોડ પર બોર્ડ મારેલાં હોય છે કે, 'સાવધાની હટી તો દુર્ઘટના ઘટી.' આતંકવાદને ખતમ કરવો અશક્ય છે પરંતુ તેને કંટ્રોલ ચોક્કસ કરી શકાય, જો સરકારની દાનત હોય તો! પણ દાનતના ઇન્જેકશન બજારમાં મળતા નથી. આતંકવાદીઓ અમેરિકાનાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરના હુમલા પછી બીજો કોઇ મોટો હુમલો કરી શક્યાં નથી અને ભારતમાં છાશવારે ધડાકા થતાં રહે છે. રેઢા પડેલાં ખેતરમાં જેમ આખલા ઘુસી જાય તેમ આપણાં મંદિરોથી માંડીને સંસદ અને હોટલો સુધી ત્રાસવાદીઓ ઘૂસી આવે છે. આતંકવાની આવી ઘટનાઓ પછી થોડો સમય બધાં રેડ એલર્ટ રહે છે અને સમય જતાં જ રેડમાંથી સાવધાનીનો કલર ધોળો ફક્ક થવા લાગે છે.

ગુજરાતની અન્ય રાજયોની સાથેની બોર્ડરો લૂંટારૂંઓનાં ભયથી ગ્રસ્ત છે. ગોધરા અને દાહોદ વટાવ્યા પછી મધ્યપ્રદેશની સરહદે જાંબુઆ પછી ધાર વચ્ચે મછલિયા ઘાટ છે. ત્યાં એકલછેકલ વાહન નીકળે તો લૂંટારા આદિવાસીઓ તેમને લૂંટી જ છે. લૂંટી લ્યે ત્યાં સુધી તો ઠીક છે પરંતુ લૂંટ્યા પછી બધાને મારી - મારીને ધોઇ નાંખે છે. સામે ચાલીને બધુ આપી તો પણ એ લોકો તમને મારવાનાં! કેમ? તો લૂંટારા કહે છે. પરસેવો પાડવા વગરની કમાણી તો હરામની કહેવાય. આવાં મહેનતું લૂંટારાઓથી બચાવવા આજે પણ પોલીસ પંદર - વીસ વાહનોનાં કાફલાંને ભેગો કરી આગળ પાછળ એક-એક પોલીસવાન રાખીને મુસાફરોને હેમખેમ પાર ઉતારે છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ સરકાર દેશના ખૂણે ખૂણે ચાલતાં આવાં નાના-નાનાં આતંકવાદને નથી નાથી શકી તો હાઇટેક શસ્ત્રો સાથે ત્રાટકતાં આતંકવાદીઓનો મુકાબલો કઇ રીતે થઇ શકે?

ઓસામા બિન લાદેન કે અલ જવાહિરી ખતમ થઇ જવાથી આતંકવાદનો ખાત્મો થઇ ગયો? ન જ થાય કારણ કે આતંકવાદ એ એક સોચ છે. એક વિચારધારા છે. માત્ર શસ્ત્રો કે સાવધાની થી જ તેને ખતમ નહિ કરી શકાય. વિચારધારા સામે વિચારધારાથી જ લડવું પડે. શસ્ત્રોનો મુકાબલો શસ્ત્રોથી થઇ શકે પણ વિચારોની ધારને વિચારોથી જ બુઠ્ઠી કરી શકાય. વ્યક્તિની અંદર રહેલા આતંકવાદીને ખતમ કરવાની જેહાદ જગાવવાની જરૂરીયાત છે. ગુસ્સો, જીદ, અહં, દાદાગીરી, માફિયાગીરી, લાલચ, ઇર્ષ્યા આ બધા જ અગંત આતંકવાદના પ્રકાર છે. તેને દેશવટો અપાય તો જ આતંકવાદને જાકારો મળે. આપણી જાગૃતિ આપણું સૌથી મોટું હથિયાર છે. પહેલાં ચકાસી લેવું કે આપણે તો જાણે - - અજાણ્યે એવું વર્તન નથી કરતાં ને જેથી કોઇ આતંક ને પ્રોત્સાહન મળે? બાળકની જાયજ - નાજાયઝ બધી જ જીદને પોષીને તેના અહંના રાક્ષસને પોષવાથી માંડીને દેશવિરોધી પ્રવૃત્તિઓમાં આડકતરૂં સમર્થન આપવાની આપણી મનોવૃત્તિને સોઇ ખાટકી ને કાઢી નાંખવી પડશે. કારણ કે આતંકવાદને નાથવાની જવાબદારી માત્ર કોઇ દેશ કે સરકારની નથી પરંતુ એનો ભોગ બનનારાં લોકોની પણ છે. આપણા સારા વિચાર અને વર્તન કોઇને આતંકવાદી બનતાં રોકી શકશે તો તે મોટી સિદ્ધિ હશે અને એ રીતે આપણી જવાબદારી ફ્રન્ટ પર લડતાં સૈનિકથી જરાય ઓછી નથી. આપણે સૌ સામાજિક કમાન્ડો છીએ. યાદ રહેશે ને?

**- તારી સ્વાતિ**

# નવા સ્થાપિત પાટનગરે નવા નવા સંબંધોની સુવાસ જીવંત રાખી છે, થેન્ક્યુ માય ડીયર પાટનગર

## પાટનગરની સુવાસ

- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

અમે ભાવનગરની કૉલેજોમાંથી સામૂહિક રીતે બદલી પામીને ૧૯૭૦માં નવા સ્થાપિત થયેલા પાટનગર ગાંધીનગરમાં સેકટર-૨૯માં વસેલા. ભાવનગરની કોમર્સ કૉલેજમાંથી હું પાટનગરની કોમર્સમાં વ્યાખ્યાતા તરીકે આવેલે ત્યારે મારી ઉંમર ત્રીસ વરસની હતી આજે મારે તોંતેરમું વરસ ચાલે છે.

અર્થાત્ પાટનગરની ઉંમર તેંતાલીસ વરસની થઈ છે અને હું અને અમારા સહ અધ્યાપકો છેલ્લે તેંતાલીસ વરસથી રહીએ છીએ. ભાવનગરમાંથી આર્ટ્સ અને સાયન્સ કૉલેજમાંથી પણ પાટનગરની આર્ટ્સ સાયન્સ કૉલેજમાં અધ્યાપકો બદલી પામીને આવેલાં ઉપરાંત ગુજરાત રાજયની સારી ઉમદા ગણાતી સરકારી કૉલેજમાં સારા સારા સિનિયર અધ્યાપકો વીણી વીણીને પસંદ કરીને પાટનગરની કૉલેજોમાં બદલી કરીને નીમેલા ત્યારે મારા જેવો અધ્યાપક નવયુવાન બચુકડા જેવો લાગતો. બીજા મોટા ભાગના અધ્યાપકો મોટી ઉંમરના હતા. તે સમયે હું પ્રથમ અમારે કોમર્સમાં અને બીજી કૉલેજોમા નવા નવા બદલી પામીને આવેલા અધ્યાપકો સાથે નવી નવી ઓળખાણો થયેલી અને નવા સ્થળે આવીને એકબીજાની સાથે હળીમળીને આનંદથી દિવસો વીતાવવા ઉપરાંત જૂના ૨૯ સેકટર અને બીજા જૂના બંધાયેલા સેકટર ૧૭, ૨૨, ૨૮ વગેરેમાં રહેતા લોકો સાથે પરિચય થવા લાગ્યો. વિદ્યાર્થીઓ આજુબાજુના ગામડામાંથી અને સચિવાલયમાં તેમજ બીજી કચેરીઓમાંથી બદલી પામીને આવેલા કર્મચારીઓનાં સંતાનો વિદ્યાર્થીઓ હતા એટલે એક ખોબલા જેવડા પાટનગરમાં ઓળખાણો થતી... એટલે સચિવાલય તેમજ બીજી કચેરીઓ તેમજ હાઈસ્કૂલો વગેરેમાં નોકરી કરનારાઓ સાથે હાથવેંતમાં પરિચય થયો અને સંબંધો બંધાતા.

તો વળી, નવા સ્થાપિત પાટનગરમાં વેપાર ધંધા અર્થે આવેલા વેપારીઓ સાથે પણ પરિચય થયેલો. ઉપરાંત ડૉકટરો, વકીલો, રાજકારણીઓ સાથે અને સત્તાધારી સરકારનાં મંત્રીઓ વગેરે સાથે પણ પરિચય રહેતો. અર્થાત્ નવા સ્થાપિત થયેલા અને તેની એક સુવાસ હતી. સહુ નવા સ્થળે આવીને વસેલાં એટલે એકબીજાના ખબરઅંતર પૂછતાં રહેતાં એ સંબંધોની સુવાસના સહારે જીવન વ્યતિત થયું.

તે આજે એ રીતે યાદ આવ્યું કે કેટલાંક લોકો સાથે જે ૧૯૭૦ આસપાસ મિત્રતા અને ઓળખાણો અને સંબંધો થયેલાં તેમનાં કેટલાંક આજે આ દુનિયામાં નથી તેની માત્ર યાદો છે, તો આજે સમાચાર મળ્યા કે બિલ્ડર રમેશ અમીન અમારા એક વખતનાં મિત્રનો સ્વર્ગવાસ થયો છે ત્યારે આંખમાં આંસુ આવી ગયેલા અને જુની યાદ તાજી થઈ ત્યારે આજનો લેખ લખવાની સ્ફુરણા થઈ પાટનગર ગાંધીનગર અમારા માટે નવું હતું. પરંતુ આજે તેંતાલીસ વરસ એટલે કે જીંદગીનો મોટો ભાગ ગાંધીનગરમાં ગાળ્યો એટલે હું અને બીજા બધા પાટનગરના વતની બની ગયા છીએ. પાટનગર છોડવાનું મન થતું નથી. ૧૯૭૦ ની આસપાસ પાટનગરને આંધીનગર કહેવાતું. તે વખતે ધૂળની ડમરીઓ ઉડતી અને પાટનગરને આંધીનગર નામ આપેલું. આજે તો નવા નવા દૃશ્યો અને પાટનગરની આસપાસના ગામોને પાટનગર ગળવા લાગ્યું છે. તે બધે જ પાટનગર વિસ્તરતું જાય છે જેમ જેમ વિસ્તરતું જાય છે તેમ તેમ ૧૯૭૦ ની જેમ નવી ઓળખાણો નવા સંબંધોની સુવાસ હતી તે ઉડવા લાગી હોય તેવું થાય છે.

કારણ સહુ પોતપોતાના અસ્તિત્વની ચિંતામાં લાગી ગયા, પોતપોતાના કુટુંબ અને સંતાનોને સેટ કરવામાં લાગી ગયા. ધંધાદારી લોકો મોટા થતાં તેનાં ધંધામાં નવી પેઢીને જવાબદારી સોંપવા લાગ્યા. ત્યારે આજે તેંતાલીસ વરસ પછી કયારેક સેકટર-૨૧ની શાકમાર્કેટમાં કે કોમર્સિયલ સેન્ટરોમાં કે કોઈક સ્થળે કોઈક અજાણ્યો માણસ મળે બોલે ભટ્ટ સાહેબ!! એટલે હું કહું હાં હું પોતે. તો હરખાય ને ઉમળકાં ભેર બોલે કે ભટ્ટ સાહેબ હું તમારો વિદ્યાર્થી આટલું સાંભળતાં જાણે કે હૈયું હરખાયને ફુલાઈ જતું. પાટનગર જેમ જેમ મોટી ઉંમરનું થતું જાય છે. તેમ તેમ પાટનગરના જન્મ સમયે એકત્રિત થયેલા અમારાં જેવા લોકો મોટી ઉંમરના થતા જાય છે. હવે કોઈક જાણે જુની સુવાસ હવામાં ઓગળતી જતી હોય તેમ લાગે છે. ૧૯૭૦ થી બે દસકા ગણો તો ૧૯૯૦ સુધી તો બધા નિયમિત હળતા મળતા આનંદ માણતા અને પાટનગરની સુવાસ માણસા રહેતા.

પરંતુ ૧૯૯૦ પછીના બે દસકા પછીના આજના પાટનગરમાં લાખ ગાડાનો ફેર અનુભવાય છે. પાટનગરમાં આવીને વસેલા એવા નવા નવા લોકો આજે ઠરીઠામ છે. સહુ પોતપોતાની રીતે સુખી છે. સહુને પોતાનું રહેવાનું છાપરૂં છે. પાટનગરે અમને અને અમારાં સંતાનો તેમજ કુટુંબને જે છત્રછાયા અને સહારો આપ્યો છે અને પાટનગરે અમને જે આપ્યું છે તે ભૂલાય તેમ નથી. ખાલી હાથે આવેલા એવા કેટલાક પરિચિત મિત્રો વિદ્યાર્થીઓનાં વાલીઓ આજે ધંધાકીય ક્ષેત્રે ઠરીઠામ થયેલા છે. એમાંના મારા વિદ્યાર્થીઓએ વિવિધ ધંધામાં સફળતા મેળવી છે. તેમનાં સંતાનોને ઓળખાણ કરાવે કે ભટ્ટ સાહેબ અમારા પ્રોફેસર હતા. ઓળખાણ કરાવતા શેર લોહી ચઢે અને નવી પેઢી, નવું નગર, નવા સેકટરો, નવું સચિવાલય, નવી સરકારો, નવા કર્મચારીઓ આ બધામાં મારા જેવા ભૂલા પડી જવા લાગ્યા હોય તેમ લાગે છે.

નવા વસેલા પાટનગરે અનેકે નવી નવી દિશાઓ આપી છે. પોતાની આગવી બુદ્ધિ અને તાકાતથી આત્મવિશ્વાસથી પાટનગરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિકસાવવાનો યશ કલ્ચરલ ફોરમના સ્થાપત્ય કલાકાર એવા કૃષ્ણકાંત જહાને જાય છે. પાટનગરે જે તકો આપી હતી તે તકોને ઝડપી લેવામાં આવા જહાભાઈ જેવા અસંખ્ય લોકો હતા જેણે પણ એક નવા યુગની શરૂઆત કરીને પાટનગરને સુતરના એક તાંતણે બાંધીને જૂની સુવાસને જીવંત રાખવાનો પ્રયાસ કર્યો છે. સેકટરોમાં આવેલી દુકાનો બાજુ નીકળીએ ત્યારે અમારા સંતાનોને કહીએ કે ફલાણો વેપારી ફલાણી વ્યક્તિ મારો વિદ્યાર્થી છે અને સામેથી તે ઓળખાણ કરાવે કે ભટ્ટ સર અમારા અધ્યાપક હતા. બસ ઉડતી જતી સુવાસ જાણે પાછી આવતી હોય જીવંત થતી હોય તેમ જણાય છે. પાટનગરે અમારામાં ચેતના જગાવી છે. પાટનગરે એમને ઘણું ઘણું આપ્યું છે. **Thank you my dear Capital.**

પણ ઉંડે ઉંડે એમ લાગે છે કે ૧૯૭૦ના બે દસતા સુધીની સુવાસમાં પાટનગર આવતી જતી હોય તેમ થયા કરે છે.

# સંઘર્ષ છોડી સમાધાન કરો

## પોઝિટિવ થિન્કિંગ

યશવંત કડીકર

મેઘાએ ફોન પર કહ્યું, એને નોકરી જોઇએ. તે શહેર છોડવા માગે છે. એ કહેતી હતી કે આનો અર્થ ઘરથી દૂર રહેવું એટલો જ નથી. હું તો ફોન પર જ ચમકી ગયો. હજુ તો લગ્નને માંડ પાંચ વર્ષ થયા છે. બે બાળક છે. પિયરમાં તો જમવાનાં વાસણ પર પૂરતા નથી. સમજદાર છોકરી છે. અચાનક એને આવી જરૂર કેમ પડી? અને નોકરી કહેતાં તો તરત મળી જવાની ન હતી. મેં જરા એને સાવચેત કરવાનો પ્રયત્ન કર્યો,

"એમના માટે તો નોકરી કરવી છે."

"અચાનક..."


"હવે એમની સાથે રહેવું મારા માટે મુશ્કેલ છે. નોકરી તો પહેલાં પણ કરતી હતી અને હવે પણ કરી લઇશ."

"નોકરી તો સાથે રહીને પણ કરી શકાય. બાળકો તો ઘરમાં રહેશે."

"બાળકો તો એમને દીઠાંયે ગમતાં નથી."

"પ...ણ... આમ કેમ થયું?"

"આમ તો નવું કશું નથી. વરસ થઇ ગયું. દરેક વાતમાં ધાકધમકી. મારાં પિયરિયાં માટે પણ ગમે તમે બોલતા રહે છે. નાની વાતોમાં પણ મારી સાથે ઝઘડો કરે છે. જાણે હું કામવાળી ના હોઉં! હવે મારાથી આ બધું સહન થતું નથી."



"સાસુ-સસરા પર રોજ સાંભળતા હશે ને?"

"સાંભળતાં રહે છે. બસ, એમને કંઇ કહેતાં નથી."

"તારા જવા વિશે?" "હજુ એમની સાથે વાત નથી કરી. આમ એ પણ મને રોકી નહીં શકે."

"એમના ઘરની ઇજ્જતનો પણ સવાલ ઊઠશે ને?"

"હવે જમાનો બદલાઇ ગયો છે. તે પણ અમારી જૂની મિત્ર છે. અડ્ડો જમાવીને બેઠી છે, કોને ખબર નથી?"

"તું તો કહેતી હતી કે એની સાથે સ્પષ્ટ વાત કરી છે : ભાવિમાં તારા રસ્તામાં એ નહિ આવે?"

"છોકરો દેખાવડો હોય, સારૂં કમાતો હોય, તો લપસવામાં કેટલી વાર લાગે છે?"

"બીજી વખત પણ વાત કરી શકાય."

"હું એ કાળમુખી પાસે હવે તો જવાની નથી. એનાથી સારૂં એ છે કે નોકરી કરી આત્મસન્માનથી જીવું. એમને જવું હોય તો જાય."

"હું તો જૂના વિચારોની માનવી છું. મેઘા! એટલે મારા હિસાબે તો તું ફરી વિચારે તો વધુ સારૂં, કારણ, એક તો નોકરી મેળવવી બહુ સહેલી નથી. એ દરમિયાન વ્યવસ્થા કરવી એ પણ મુશ્કેલ હશે. મકાનભાડુ, જમવાનું, બાળકોનાં ખર્ચ - આ બધી સમસ્યાઓ તો પહેલાં દિવસથી રહેશે. તને તો તારા પિયરની સ્થિતિનો પણ ખ્યાલ છે. ભાગ્યની વાત એ છે કે તને સારૂં ઘર મળ્યું છે. કંઇક સંઘર્ષ તો જીવવા માટે કરવો જ પડે છે. એકલી રહીશ તો તારે વધુ સંઘર્ષ કરવો પડશે. પ્રસન્નતા ચાલી જશે."

"તો પણ સ્વતંત્રતા હશે, આત્મસન્માન હશે."

"તારી વાત માનું છું, પણ જો સંઘર્ષ માટે તું તૈયાર હો તો આ ઘરમાં રહીને જ તું સંઘર્ષ કેમ નથી કરતી? તારા અધિકાર માટે તો તું અહીં પણ સ્વતંત્ર છે. તારા ઘરમાં તારૂં વર્ચસ્વ વધારી શકે છે."

"એ અહીં શક્ય નથી. તમે મને નોકરી અપાવી દો."

"મારા માટે તાત્કાલિક તો એ સંભવિત નથી. સારૂં તો એ છે કે તું વિચાર બદલ."

"તમે ઇચ્છો છો કે હું હંમેશા માટે નકરમાં પડી રહું. રોજ અપમાન સહન કરતી રહું અને એ એમની મરજી પ્રમાણે ચાલતા રહે. એમની અર્ધી ઉપરની આવક તો એમની રખાત પાછળ ખર્ચી નાખે છે. પછી હું કેવી રીતે બાળકો સંભાળી શકું?"

"આમાં જ મારી વાતનો જવાબ છે, જે તું સમજી શકે તો. તારા ઘર છોડી દેવાથી તો એમના માટે લોટરી ખૂલી જશે. હજુ પણ એ અંકુશમાં છે, તે પણ જતું રહેશે. તે હંમેસ માટે તારા હાથમાંથી નીકળી જશે. સાચા અર્થમાં તો તુ ંજ એમને સ્વતંત્ર કરી રહી છો. પછી એ ઘર તરફ કોઇની આંગળી નહીં ચિંધાય. ઘરમાં પણ કશું નહીં કહે. તારૂં આ ઘર બરબાદ થવાનો માર્ગ ખુલી જશે. અત્યાર સુધી જે સંઘર્ષ તેં કર્યો તે પણ વ્યર્થ જશે અને પાછી તારી કોઇ મહત્ત્વાકાંક્ષાઓ પણ નથી. સાધારણ જિંદગી તો જીવતી છે. આજે તારી પાસે પતિ છે, બાળકો છે, ઘર છે. પ્રશ્ન તો એમને રસ્તા પર લાવવાનો છે. માર્ગ તો એનો કાઢવો જ પડશે, નહિ કે ઘર વેરણછેરણ કરવું."

આખી જિંદગી તો તે મિત્ર સાથે વિતાવનાર નથી. તારો અંકુશ જારી રહે. સાસુ-સાસરા સાથે બેસીને વાત કર. જરૂર પડે તો ઘરમાં બીજા વડીલોને પણ એમનાં પર દબાણ લાવવા તૈયાર કર. તે વાત તું બરાબર મનમાં રાખજે કે તારા માટે બીજા સાથે લગ્ન કરવાં એ સહેલું નથી. તારા ગયા પછી ઘરે પાછાં જવું પણ તારા માટે મુશ્કેલ બનશે. હંમેશ માટે ઘર છોડવું પડશે.

"યશવંતભાઇ, એક વાત તો તમારી સાચી લાગી રહી છે કે એમને પૂછી છૂટ મળી જશે... પછી તો તેમને અટકાવવા મુશ્કેલ બની જશે."

"એ ઉપરાંત પણ વિચાર કે એક વાર ઘર છોડી જઇશ તો પછી કયા અધિકારે આવીને લડી શકીશ?"

"યશુભાઇ, સાચી વાત છે. તમારી સાથે વાત કરવાથી મન હળવું થયું. તમને કહ્યું એમ જ કરીશ."